# ઘ-૦ પાસે ઈજાગ્રસ્તને જોઈ રૂપાણીએ કાફલો રોકયો

ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીનો માનવતાવાદી ચહેરો આજયે ફરી એકવાર સામે આવ્યો હતો. વાત જાણે એમ બની કે, મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે સવારે ગાંધીનગરમાં હાઈવે પરથી પસાર પસાર થતાં હતા ત્યારે રસ્તામાં અકસ્માતગ્રસ્ત એક યુવતીને જોઈને તેમણે તાત્કાલિક પોતાનો કાફલો થોભાવી દીધો હતો. એટલું જ નહી, યુવતીની હાલત અને સ્થિતિ જાણી તેને તાત્કાલિક પોતાના કાફલાની સ્પેર કારમાં બેસાડી સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડી હતી.મુખ્યમંત્રી રૂપાણીના આ માનવીય અભિગમને લઈ આજે રાજયભરમાં હકારાત્મક નોંધ અને ચર્ચા ચાલી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, આજે સવારે મુખ્યમંત્રી વિજય રુપાણી ગાંધીનગરથી અમદાવાદ તરફ એક કાર્યક્રમમાં જઈ રહ્યા હતા, ત્યારે ગાંધીનગરના ઘ-૦ થી સરગાસણ પાસે એક ટુવ્હિલરને થયેલા અકસ્માત જોઈને પોતાના કોન્વોયને થંભાવી દીધો હતો અને અકસ્માતમાં ઘાયલ થયેલાને તાત્કાલિક સારવાર મળે એનો આદેશ આપ્યો હતો.



ખુદ મુખ્યમંત્રી કારમાંથી નીચે ઉતર્યા હતા અને ઈજાગ્રસ્ત યુવતીની હાલત અને સ્થિતિનો તાગ મેળવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ તાત્કાલિક પોતાના કાફલામાંથી સ્પેર કારમાં ઈજાગ્રસ્ત યુવતીને બેસાડી સારવાર માટે સરકારી સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ખસેડવા સૂચના આપી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ મુખ્યમંત્રી રૂપાણીએ ગાંધીનગર નજીક તેમનો કાફલો પસાર થતો હતો ત્યારે અકસ્માતગ્રસ્ત કાર જોઈ તેમને પોતાનો કાફલો રોકાવી દીધો હતો અને ઈજાગ્રસ્તો અંગે પૂછપરછ કરી હતી. આ પહેલા પણ મુખ્યમંત્રી રૂપાણીએ પોતાનો કાફલો અટકાવી ઈજાગ્રસ્તોની મદદ કર્યાના દાખલાઓ પ્રકાશમાં આવ્યા છે. આમ, મુખ્યમંત્રીના માનવીય અને સંવેદનાભર્યા અભિગમનો લઈ તોની ખૂબ હકારાત્મક નોંધ લેવાઈ હતી.

## કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં વિવિધ કેડરની ૧૫ હજાર જગ્યાની ભરતી માટે કોઈ જાહેરાત અપાઈ નથી : ભ્રામક જાહેરાતથી યુવાનો ચેતે

ભારતીય ગ્રામીણ સાંખ્યિકી અનુસંધાન સંસ્થા દ્વારા ગુજરાત સરકારના કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગમાં વિવિધ કેડરની ૧૫ હજાર જગ્યાઓ સંદર્ભે જે જાહેરાત આપવામાં આવી છે એવી કોઈ જાહેરાત વિભાગ દ્વારા આપાઈ નથી એમ કૃષિ વિભાગના નાયબ સચિવશ્રીની યાદીમાં જણાવાયું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુંસાર ભારતીય ગ્રામીણ સાંખ્યિકી અનુસંધાન સંસ્થા દ્વારા કૃષિ અધિકારી, કૃષિ કાર્યકર્તા, ફિલ્ડ ઓફિસર, સુપરવાઈઝર, કોમ્પ્યુટર ઓપરેટર,એકાઉન્ટ માટે અંદાજે ૧૫ હજાર જગ્યાઓ પર ભરતી માટે જે જાહેરાત અપાઈ છે એ રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના પરામર્શમાં રહીને પ્રસિદ્ધ કરાઈ નથી એટલે વિભાગને આ જાહેરાત સાથે કોઈ લાગતું વળગતું નથી જેથી રાજ્યના અરજદારોએ કોઈપણ પ્રકારની જાહેરાતો સંદર્ભે પૂરતી ચકાસણી કરી તેની અધિકૃતતા જોઈને અરજી કરવાની સલાહ વિભાગ દ્વારા આપવામાં આવી છે તેમ વધુમાં જણાવાયું છે.

## આલમપુર એપીએમસી ખાતે સહકારીતા દિનની ઉજવણી કરાશે

સમગ્ર ગુજરાતમાં આગામી તા. ૧૧ જાન્યુઆરીને શુક્રવારના રોજ સહકારીતા દિન તરીકે ઉજવાય છે. આપણા તાલુકામાં તા. ૧૧ જાન્યુઆરીના રોજ સહકારી દિનની ઉજવણીનો એક કાર્યક્રમ એપીએમસી ગાંધીનગરના અને સહકાર ભારતી ગાંધીનગર તાલુકા સમિતિના સંયુકત ઉપક્રમે મુ.પો. આલમપુર તા.જિ.ગાંધીનગર એપીએમસી સંચાલિત શાકમાર્કેટ હોલ ખાતે સવારે ૧૦.૩૦ કલાકે રાખવામાં આવ્યો છે.

ગુજરાતમાં સહકારી પ્રવૃતિ ગ્રામીણ અર્થતંત્રની કરોડરજ્જુ છે. આ પ્રવૃતિના લાભ સમાજના છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો આપણો સૌનો સહિયારો પ્રયત્ન છે. ત્યારે સહકારીતા દિને સૌ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહે તેવો અનુરોધ કરાયો છે. જયારે આ કાર્યક્રમમાં સહકાર ભારતીના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પ્રોફેસર જીતુભાઈ વ્યાસ ઉપસ્થિત રહી માર્ગદર્શન પુરુ પાડશે. તો આ કાર્યક્રમમાં સહકાર ભારતી સંસ્થા અને અન્ય વિવિધ સ્થાનોમાંથી વધુ સંખ્યામાં કાર્યકર્તા ઉપસ્થિત રહેવા માટે સહકાર ભારતી ગાંધીનગર તાલુકાના રામચંદ્ર પટેલ દ્વારા અનુરોધ કરાયો છે.

## ભારતીય કિસાન સંઘ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર

ગાંધીનગર, તા.૮

સમગ્ર ભારતના ખેડુતોના પ્રશ્નોને વાચા આપવા આજરોજ સમગ્ર ભારતભરમાં જિલ્લા કલેકટરને ભારીતય કિસાન સંઘ દ્વારા આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. જેને પગલે ગાંધીનગર જિલ્લા કલેકટરને બપોરના સુમારે ભારતીય કિસાન સંઘના કાર્યકરો દ્વારા આવેદન પત્ર પાઠવી ખેડુતોની સમસ્યા જણાવી હતી. તે ઉપરાંત કિસાનો કા અનુદાન કિસાનો કે ખાતે મે મુજબ દર વર્ષે ખેડુતના ખાતામાં ૧૦ હજાર રૂપીયા જમા કરવામાં આવે તે મુખ્ય માંગણી છે.



ભારતીય કિસાન સંઘ દ્વારા રાજયભરના ખેડુતોની સમસ્યાને લઈ તંત્ર સામે રણશીંગુ ફુકવામાં આવ્યું છે. ખેડુતોની સમસ્યામાં પાકવિમા યોજના મરજીયાત બનાવી ખામીઓ દુર કરી ચાલુ સાલના પાકવીમાના નાણાની તત્કાલ ચુકવણી, કૃષિક્ષેત્ર પરનો જી.એસ.ટી. સંપૂર્ણ રદ કરવો, રૂ.૩ લાખ સુધીના ૦ ટકા કૃષિ ધિરાણના વ્યાજના નાણા તત્કાલ આપવા, જેવા રાષ્ટ્રીય મુદ્દાઓ સાથે રાજય સ્તરના, જમીન રી-સર્વેની ક્ષતિઓ, મગફળી-અડદની ખરીદી સરળ અને ઝડપી બનાવી અટવાયેલા નાણા તાત્કાલીક ચુકવણી કરવા, વીજ ચેંકીગ પધ્ધિતમાં દંડનીય બીલમાં વિચારણા કરવી, ઠંડીની સિઝનમાં વિજળી ખેતીમાં દિવસે આપવી, અછતની સ્થિતિમાં સિંચાઈ, પાણી, ઘાસચારા, સહિતના મુદ્દાઓનો સમાવેશ કરાયો છે. તે ઉપરાત જે તે જિલ્લાના સ્પર્શતા અછત, સિંચાઈના પાણી, ડુંગળી લસણના ભાવો, એકસપ્રેસ હાઈવેની જમીનનોના સંપાદન વળતર અને મહેસુલી સહકાર માર્કેટીંગ યાર્ડમાં શેષ નાબુદી ફરજીયાત કરવી. હરાજી જંગલના વિશેષ પ્રશ્નો ભેલાણનો ત્રાસ, જેવા સ્થાનિક પ્રશ્નોનો પણ સમાવેશ કરાયો છે. જેને પગલે આજે ગાંધીનગર ખાતે જિલ્લાના ખેડુતો મોટીસંખ્યામાં ઉમટી પડ્યા હતા અને ભારતીય કિસાન સંઘના નેજા હેઠળ ખેડુતોની સમસ્યાને લઈ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવી યોગ્ય કરવા રજુઆત કરી હતી.

## અંધશ્રધ્ધા દૂર કરવા જાથા જનઆંદોલન છેડશે

ગાંધીનગર, તા. ૮

ભારત એવો દેશ છે જ્યાં આરોગ્યકેન્દ્ર અને શિક્ષણધામ કરના ધાર્મિક સ્થાનોની સંખ્યા ઉત્તરોઉત્તર વધી રહી છે તેવુ જણાવતા ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થાના પ્રમુખ જયંત પંડ્યા દ્વારા ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં જાથાની શાખાઓ ખોલવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં ગાંધીનગર ખાતે યોજાયેલી જાથાની એક બેઠકમાં વિવિધ અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ સાથે જનમાનસમાં રહેલી અંધશ્રધ્ધા દૂર કરવા જનઆંદોલન છેડવાનો નિર્ધાર પણ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થાના આ કાર્યક્રમમાં રાજ્યના એડીશ્નલ ડીજીપી ડૉ. વિનોદકુમાર મલ્લ તથા રાજ્ય માહિતી ખાતાના વડા અશોક કાલરીયા ઉપસ્થિત રહ્યા હતા. મોટી સંખ્યામાં ઉપસ્થિત ગાંધીનગર-અમદાવાદના વિજ્ઞાનપ્રેમી નાગરિકો તથા વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની હાજરીમાં ડૉ. મલ્લે જણાવ્યું હતું કે ''જ્ઞાન-વિજ્ઞાનને નાત-જાત-કોમ સાથે કશી લેવા-દેવા નથી. જ્ઞાન સર્વોપરી સાબિત થાય છે.'' આ પ્રસંગે તેમણે માનવધર્મ તથા રાષ્ટ્રધર્મ અને બંધારણની રક્ષા કરવાની ફરજ પ્રત્યે ધ્યાન દોર્યુ હતુ. કાર્યક્રમમાં અશોક કાલરીયાએ જણાવ્યું હતું કે 'દેશમાં ગરીબીને કારણે અંધશ્રધ્ધા ફેલાવા પામી છે અને અંધશ્રધ્ધાને દેશવટો આપવો જોઈએ. કર્મકાંડ-ક્રિયાકાંડો નિરર્થક છે' તેવું જણાવતા તેમણે જાથાના આગમનથી ધતિંગબાજો ખુલ્લાં પડશે તેવું કહ્યું હતું. નિવૃત્ત કલેક્ટર પી.કે. ગઢવી, રેશનલ સમાજના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી, ઉમિયા દર્શનના તંત્રી દિલીપભાઈ વાઘાણી, ગાંધીનગર

● અનુસંધાન પાના ૭ પર

**ઈ-ટેન્ડર જાહેર નિવિદા નં. ૬ સને ૨૦૧૮-૧૯**

**માર્ગ અને મકાન વિભાગ (વિધુત)**

ગુજરાત સરકાર

**(ફક્ત હંગામી વિજળીકરણના કામના ઠેકેદારો માટે)**

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી વતી નીચે દર્શાવેલ કામ માટે ભાવપત્રકો નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના વિદ્યુત પેટા વિભાગ નં. ૨૨, પાટનગર યોજના ભવન, બી-બ્લોક, ત્રીજો માળ, સેક્ટર-૧૬, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨-૫૯૫૧૬ દ્વારા વિજળીકરણને લગતા ૦૨ (બે) કામની અંદાજીત કિંમત રૂ. ૧,૩૨,૦૦૭.૦૦ થી ૨,૭૩,૬૩૪.૬૨.૦૦ છે. જેના ઓનલાઈન ભાવો ઠેકેદારો પાસેથી મંગાવવામાં આવે છે.

ટેન્ડર દસ્તાવેજોનો વેબસાઈટ http://rnb.nprocure.com ઉપર તા. ૭/૧/૨૦૧૯થી જોવા મળશે અને તા. ૧૮/૧/૨૦૧૯ના ૧૬.૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. વધારાની માહિતી અને ઓનલાઈન ભરવા માટે ઉપર દર્શાવેલ વેબસાઈટ જોવા વિનંતી.

માહિતી/૨૫૫૮/૧૮-૧૯

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




બાપા... આ બંને સરકાર ભેગી થાય તો કાયમી અચ્છે દીન આવી જાય તેવુ લાગે છે.





**ડિવાઈન જૂનિયર પ્રિ-સ્કૂલમાં ફ્રુટ અને વેજીટેબલ ડે યોજાયો**

ગાંધીનગર શહેરના સેકટર-૬ ની પ્રખ્યાત ડિવાઈન જૂનિયર પ્રિસ્કુલમાં ફ્રુટ અને વેજીટેબલ ડે ની ઉજવણી ધામધુમથી કરવામાં આવી હતી. આ ડે ની ઉજવણીમાં નાના ભુલકાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બાળકો કેરી, અનાનસ, કેળા, સફરજન, ફુલાવર, કાળી દ્રાક્ષ, લીલી દ્રાક્ષ, તરબુચ, સ્ટ્રોબેરીનો સમાવેશ થાય છે. વિવિધ વેશભુષામાં બાળકો ખુબ સુંદર લાગી રહ્યા હતા. ડિવાઈન જૂનિયરના સ્થાપક ગીરા ચૌધરી વિવિધ કાર્યક્રમો થકી જૂનિયર પ્રિસ્કુલનો સર્વાંગી વિકાસ કરી રહ્યા છે.

## નિવૃત અધિક સચિવ પી. એચ. સર્વાકરનું નિધન થતાં દેહદાન કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં સચિવાલય ખાતે વિવિધ વિભાગોમાં સેવા



આપી અધિક સચિવપદેથી નિવૃત થયેલ પી.એચ. સર્વાકરનું તાજેતરમાં હૃદયરોગના હુમલાથી દુ:ખદ નીધન થવા પામ્યું છે. સ્વર્ગસ્થના પાર્થિવ દેહનું પરિવારજનો દ્વારા અમદાવાદ ખાતે ગુજરાત કેન્સર સોસાયટી સંચાલિત મેડીકલ કોલેજને દેહદાન આપી પ્રેરક દ્દષ્ટાંત પુરૂ પાડવામાં આવ્યું છે.

સામાજિક-આર્થિક રીતે નબળા પરિવારમાં જન્મી સંઘર્ષના પડકાર ઝીલી ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કર્યા બાદ ગુજરાત સરકારમાં ઉચ્ચ હોદ્દા સુધી જવાબદારી નિભાવનાર સ્વ. પી.એચ. સર્વાકર પોતાના સેવાકાળ દરમ્યાન જરૂરિયાતમંદ, પછાત, શોષિત તથા યુવા વિદ્યાર્થીઓને મદદરૂપ રહ્યાં હતા. તેમના આકસ્મિક અવસાન બાદ સ્વર્ગસ્થના સંતાનો દ્વારા અમદાવાદની મેડીકલ કોલેજને દેહદાનનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે સાથે જણાવ્યું હતું કે 'તેમનો દેહ મેડીકલનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની જ્ઞાન પ્રાપ્તિ માટે ઉપયોગી થઈને અમારા સ્મરણમાં હંમેશા જીવંત રહેશે.''

## ૧૧મીથી ૧૩ સુધી વાયબ્રન્ટ ઈન્ડિયા-૨૦૧૯ પ્રદર્શન મેળો

હાલ જ્યારે વાઈબ્રન્ટ એટલે કે નીત નવા ઉત્પાદનો અને ઉપયોગી ઉત્પાદનોના પ્રદર્શનની મોસમ ચાલી રહી છે ત્યારે ગ્રાહકોને પણ પોતાની મન પસંદ અને તેમના ઘરને અનુરૂપ ચીજ-વસ્તુઓ મળી રહે તેવા ઉમદા આશયથી આગામી તા.૧૧થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી એકઝીબીશન અને કન્વેશન હોલ ખાતે વાઈબ્રન્ટ ઈન્ડિયા-૨૦૧૯નો આંતરરાષ્ટ્રીય કક્ષાનો અનોખો પ્રદર્શન મેળો યોજાવા જઈ રહ્યો છે. અમદાવાદીઓ માટે ખાસ કરીને ગૃહિણીઓ અને મહિલાઓ માટે આ પ્રદર્શન મેળો ખૂબ જ લાભકારી અને ફાયદાકારક બની રહેશે એમ અત્રે વાઈબ્રન્ટ ઈન્ડિયા-૨૦૧૯ના ઓર્ગેનાઈઝર નરેન્દ્ર દિવાકર અને પંકજ દિવાકરે જણાવ્યું હતું.

## અડાલજ, માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિરનું ગૌરવ

ગાંધીનગર, તા. ૮

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર દ્વારા શિક્ષણ ક્ષેત્રે નવતર પ્રયોગની ઉજવણી માટે થતા



ગુજરાત રાજયના ચોથા ઈનોવેશન ફેસ્ટિવલમાં શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર, અડાલજના અધ્યાપક જાગૃતિબેન મોદીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જેમાં તેમના નવતર પ્રયોગની પસંદગી રાજ્યકક્ષાના ઈનોવેશન ફેસ્ટીવલ માટે થઈ હતી અને તેમણે રાજ્યકક્ષાએ ચારુસેટ યુનિવર્સિટી, ચાંગા ખાતે પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. જાગૃતિબેન દ્વારા તેમનો નવતર પ્રયોગ 'ચાલો ભાષા-ભાષા રમીએ' તેનું હિન્દી, અંગ્રેજી અને સંસ્કૃત ભાષામાં વ્યાકરણ શિક્ષણ આપવા અર્થે તે શાળામાં રજૂ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત તેમણે પ્રાથમિક શાળાના બાળોકને ધ્યાનમાં રાખીને ''Ups & Down', Language Ludo', કાર્ડઝ ગેઈમ્સ, શબ્દભંડોળ અંગેની રમતો, ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકારોના કેલેન્ડર, વર્ગ વ્યવસ્થામાં રમાડી શકાય તેવી રમતોનું અને ભાષા ટીપ્સનું કેલેન્ડર બનાવ્યા હતા. તેમના નવતર ઈનોવેશન દ્વારા સંસ્થાને ગૌરવ પ્રાપ્ત થયુ હતુ અને તેમની આ સિદ્ધિ બદલ સંસ્થાના નિયામક બહેન સ્મિતાબહેન દવે, આચાર્યબહેન સુરેખાબેન ચૌધરી તથા સમગ્ર સંસ્થાના પરિવાર દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.



કોલવડા ગામમાં ત્રણ દિવસ પહેલાં પાણી પુરવઠો પુરું પાડતો બોર ખરાબ થતાં સર્જાયેલી પાણીની સમસ્યા ઉકેલવા આજે ગ્રામ પંચાયત ખાતે પૂર્વ ધારાસભ્ય અશોક પટેલના નેતૃત્ત્વમાં પાણી પુરવઠા બોર્ડનાઅધિકારીઓની બેઠક તાબડતોબ યોજાઈ હતી. યુદ્ધના ધોરણે બોરમાં મરામત કરી પાણીની સમસ્યા હળવી કરવાનો નિર્ણય કરાયો હતો. ઉપરાંત કાયમી ધોરણે પાણીની સમસ્યા ઉકેલવા નર્મદાનું પાણી કોલવડાને આપવા પણ જણાવાયું હતું.

## સિવિલ હોસ્પિટલ દ્વારા વાયબ્રન્ટમાં ૧૦થી વધુ મેડીકલ ટીમનું આયોજન

**મહાત્મા મંદિર, એકઝીબેશન હોલ, અને પાર્કીંગમાં ટીમો ઉભી કરાશે**

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટના ઉદ્દ્ઘાટન પ્રસંગે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવવાના છે. જેને પગલે ગાંધીનગર શહેરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જિલ્લા વટીવટી તંત્ર અને દરેક વિભાગ કામ કરી રહ્યું છે. વિદેશી મહેમાનો અને વીવીઆઈપી આ સમિટમાં આવવાના હોવાથી કાર્યક્રમમાં કોઈ કચાશ રહી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.ત્યારે પ્રોટોકોલને અનુલક્ષી સિવિલ હોસ્પિટલમાં સ્પેશીયલ વોર્ડ ઉભો કરવામાં આવનાર છે. જેમાં હોટલાઈન સહિતની અન્ય સુવિધાઓ પણ ઉપલબ્ધ કરવામાં આવશે. આ ઉપરાંત સિવિલમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન બે વોર્ડ રીઝર્વ રાખવામાં આવશે.એક વોર્ડમાં ૩૦ દર્દીઓ સારવાર લઈ શકે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે. આ સાથે મહાત્મા મંદિરમાં ૪ મેડીકલ ટીમો, ગ્લોબલ ટ્રેડ શો ખાતે ૨ ટીમ, પાર્કીંગમાં ૨ ટીમ, કોન્વોય અને એક ટીમ હોસ્પિટલ ખાતે પણ તૈનાત કરવામાં આવશે.અંતરંગ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ જયારે વીવીઆઈપી મહેમાનો સહિત લાખો મુલાકાતીઓ પધારવાના છે ત્યાં આરોગ્યલક્ષી સેવા ઉભી કરવામાં આવશે. આ બંન્ને સ્થળે છ થી આઠ બેડની નાની હોસ્પિટલ પણ ઉભી કરવામાં આવશે. જયા પ્રાથમિક સારવાર સહિત જરુરી દવાઓ, અને જરુરી સાધન સામગ્રી રાખવામાં આવશે.ગાંધીનગર સિવિલની આઈસીયુ ઓન વ્હીલ તેમજ અન્ય જિલ્લામાંથી પણ એમ્બ્યુલન્સ બોલાવવામાં આવશે અને બંદોબસ્તમાં મુકવામાં આવશે.

વાઈબ્રન્ટ દરમિયાન ૧૨ ડોક્ટરની ટીમ તૈયાર કરાઈ છે. જે સિવિલના સ્પેશીયલ રૂમ સિવાય મહાત્માં મંદિર, ટ્રેડ શો, અને હેલીપેડ, ખાતે ફરજ બજાવશે. સિવિલને પણ તમામ પ્રકારની દવા, ઈન્જેંકશન, સહિત અન્ય જરુરી ચીજવસ્તુઓથી સજજ કરી દેવામાં આવશે. જયારે બેઈઝ હોસ્પિટલને પગલે સિવિલમાં પણ તમામ વિભાગના એચઓડીને હાજર રાખવામાં આવશે. જયારે વાઈબ્રન્ટ સમિટનો પગલે સિવિલ પણ વાઈબ્રન્ટ બની જશે.જયારે દર્દીઓને કોઈપણ જાતની પરેશાનીનો ભોગ બનવું ન પડે તેની પણ ખાસ તકેદારી સિવિલ તંત્ર દ્વારા લેવામાં આવી છે.



ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર અને ડે.મેયરની ચૂંટણી યોજાઈ હતી. તે સમયે કોંગ્રેસના કોર્પોરેટર અંકિત બારોટનું અસામાજીક તત્વો દ્વારા તેમનું અપહરણ કરવામાં આવ્યું હતું. આ ઘટનાને બે માસ જેટલો સમય વિતી ગયો હોવા છતા આરોપીઓની ધરપકડ કરવામાં આવતી નથી. પોલીસની નિષ્ક્રિયતાના પગલે એનએસયુઆઈ અને યુથ કોંગ્રેસના કાર્યકર્તાઓ દ્વારા ગાંધીનગર એસ.પી. મયુરસિંહ ચાવડાને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું અને કોંગ્રેસના કોર્પોરેટર અંકિતભાઈને ન્યાય મળે તેવી રજુઆત કરાઈ હતી. આ પ્રસંગે યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈના કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.